सत्यमेव जयते

**રે.દિ.મુ.નં.૩૦/૨૦૨૦ ના કામે વાદીની આંક–૫ ની કામચલાઉ મનાઈ હુકમની અરજી લગત હુકમ.**

---

વાદી તરફે : વિધ્વાન વકીલ શ્રી બી.કે.પંચાલ.
પ્રતિવાદી નં.૧ થી ૪ તરફે : વિધ્વાન વકીલ શ્રી એન.કે.પટેલ.
પ્રતિવાદી નં.૫ વિરૂધ્ધ એકતરફી.

---

(૧). આ કામે વાદીએ હાલનો દાવો દાખલ કરી ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ તથા સીવીલ પ્રોસીજર કોડની કલમ–૧૫૧ મુજબ આંક–૫ થી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

(૨). હાલની અરજી વંચાણે લીધી. હાલની અરજીની હકીકત જોતાં, મોજે ગામ એવાલ, તા.સાંતલપુરની સીમમાં (૧). રેવન્યુ સર્વે નં.૧૩૭ (જુના રેવન્યુ સર્વે નં.૧૦૨), હે.આરે.ચો.મી. ૨–૬૫–૪૬ તથા (૨). રેવન્યુ સર્વે નં.૧૩૯ (જુના રેવન્યુ સર્વે નં.૧ ૦૪), હે.આરે.ચો.મી. ૧–૭૨–૨૬ વાળા ખેતરો જેને હવે પછી દાવાવાળા ખેતરો તરીકે સંબોધવામાં આવેલ છે. જે ખેતરો વાદીના પિતાએ, પ્રતિવાદી નં.૧ ના પતિ દેવસીભાઈ ભારાભાઈને ગીરો આપેલા. જેની રેવન્યુ દફતરે નોંધ નં.૯૦ દાખલ કરવામાં આવેલ. જેમાં વાદીના પિતાજીનો ગીરો છોડવવાનો હકક બતાવેલ. દાવા વાળા ખેતરો વાદીના પિતાએ મુકત કરાવેલ નહી અને તેઓ તા.૨૫/૭/૧૯૮૦ ના રોજ ગુજરી ગયેલા અને આ ખેતરો લગત વારસાઈની નોંધ નં.૧૧૫૫, તા.૨૦/૭/ ૨૦૧૨ ના રોજ પાડવામાં આવેલ જે નોંધ તા.૬/૧૦/૨૦૧૨ ના રોજ મંજુર થયેલ અને વાદીનુ નામ વારસદાર તરીકે દાખલ થયેલ અને આ કામે વાદીએ પણ દાવાવાળા ખેતરો ગીરોના બોજામાથી મુકત કરાવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નહી.

ત્યારબાદ, આ કામના પ્રતિવાદી નં.૧ ના પતિ રબારી દેવસીભાઈ ભારાભાઈ તા. ૧૨/૭/૧૯૯૮ ના રોજ ગુજરી ગયેલા અને તેઓની વારસાઈ નોંધ નં.૧૧૩૫ થી તા.૭/૫/૨૦૧૨ ના રોજ પાડવામાં આવેલ જે નોંધ તા.૩/૭/૨૦૧૨ ના રોજ મંજુર થતા આ કામે પ્રતિવાદી નં.૧ થી ૪ નુ નામ વારસદાર તરીકે દાખલ થયેલ. ત્યારબાદ, દાવાવાળા ખેતર ગીરોના બોજા વાળા હોવા છતાં, તે ગીરો મુકત થયેલ ન હોઈ અને કાયદાની અજ્ઞાનતાના કારણે આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ ની તરફેણ મા ગીરોના હકક સાથેનો એક દસ્તાવેજ તા.૨૨/૧૧/૨૦૧૨ ના રોજ તે વેચાણ દસ્તાવેજ અનુ.નં.૯૮૨ થી તા.૨૩/૧૧/૨૦૧૨ ના રોજ નોંધણી થતાં તેની રેવન્યુ દફતરે નોંધ નં.૧૧૭૦ પડેલ. જે નોંધ વેચાણ લેનાર ખેડુત ખાતેદાર ન હોઈ નોંધ રદ થયેલી અને આ કામે પ્રતિવાદી નં.૧ થી ૪ ને કોઈ માલીકી હકક પ્રાપ્ત ન થયેલ અને તેઓનુ નામ ગીરો લેનાર તરીકે ચાલુ રહેલ. જેથી પ્રતિવાદી નં.૧ થી ૪ ને દાવાવાળા ખેતરો વેચાણ કરવાનો કોઈ હકક અધિકાર ન હોવા છતાં, તેઓએ દાવાવાળા ખેતરો પ્રતિવાદી નં.૫ ને તેજ તારીખે વેચાણ આપેલ જે રજી. વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૯૮૩ થી તા.૨૩/૧૧/૨૦૧૨ ના રોજ નોંધણી થતા તેની રેવન્યુ દફતરે નોંધ નં. ૧૧૭૧ પડેલ. જે નોંધ સદર જમીન વેચાણ આપનારના નામે ચાલતી ન હોઈ અને નોંધ નં.૯૦ થી જમીન ગીરો હોઈ નોંધ રદ થયેલી. આમ, પ્રતિવાદી નં.૧ થી ૪ નાએ કરેલ વેચાણ દસ્તાવેજ અનુ.નં.૯૮૩ નો બોગસ અને ગેરકાયદેસરનો હતો. આ કામે પ્રતિવાદી નં.૧ થી ૫ નાએ રેવન્યુ દફતરે પડેલ ફેરફાર નોંધ નં.૧૧૭૦ તથા ૧૧૭૧ સામે કોઈ અપીલ કરેલ નથી.

(૨.૧). ત્યારબાદ, આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ નાએ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૯૮૨ ની ફરીથી નોંધ નં.૧૨૯૫, તા.૮/૧૦/૧૪ ના રોજ દાખલ કરાવેલી જે ફરીથી મામલતદારશ્રી, સાંતલપુરનાએ તા.૨૯/૧/૧૫ ના રોજ નામંજુર કરેલી તેમજ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૯૮૩ ની નોંધ નં.૧૨૯૬, તા.૮/૧૦/૧૪ ના રોજ દાખલ કરાવેલી જે નોંધ મામલતદારશ્રી, સાંતલપુરનાએ તા.૨૯/૧/૧૫ ના રોજ નામંજુર કરેલી આથી પ્રતિવાદીઓએ નોંધ નં.૧૨૯૫ તથા ૧૨૯૬ નામંજુર કરવાના

હુકમની સામે રાધનપુરના મે.નાયબ કલેકટર સાહેબની કોર્ટમાં આર.ટી.એસ. અપીલ નં.૬૮/૧૬ તથા ૬૯/૧૬ દાખલ કરેલી જે અપીલ તા.૨૦/૭/૨૦૧૬ ના રોજ નામંજુર થયેલી તેમજ નાયબ કલેકટરશ્રી, રાધનપુરનાએ ગણોત ધારાની કલમ–૬૩ મુજબ તપાસ કરવા પણ મામલતદારશ્રી, સાંતલપુરને સુચના આપેલી જે હુકમોની રેવન્યુ દફતરે નોંધ નં.૧૪૨૫ તથા ૧૪૨૬ પડી મંજુર થયેલી. પ્રતિવાદીઓએ નાયબ કલેકટરશ્રી, રાધનપુરના હુકમની સામે કલેકટરશ્રી, પાટણ સમક્ષ રીવીઝન દાખલ કરેલી જે રીવીઝનના કાગળો પરત કરવા પ્રતિવાદીઓએ મે.સંયુકત સચિવશ્રી, અમદાવાદ સમક્ષ ફેરતપાસ અરજ નં.૧૭/૧૮ તથા ૧૮/૧૮ દાખલ કરેલી જેમાં નીચેના રેવન્યુ અધિકારીના ગણોત ધારાની કલમ–૬૩/૮૪ ભંગની કાર્યવાહી માન્ય રાખવામાં આવેલી. જે હુકમની નોંધ નં.૧૪૯૭ મંજુર થયેલી. ત્યારબાદ, કલેકટર શ્રી, પાટણનાએ રીમાન્ડ કેસ નં.૨/૧૯ તથા ૩/૧૯ ચલાવી મુળ વેચાણ ની નોંધ નં.૧૨૯૫ તથા ૧૨૯૬ નામંજુર કરવાના હુકમને કાયમ રાખેલો અને જેમાં કલેકટરશ્રી, પાટણનાએ પણ એવુ તારણ આપેલુ કે દાવાવાળા ખેતરો મુળ નોંધ નં .૯૦ થી ગીરો હતા અને ગીરોની મુકિત પહેલા સીધુ વેચાણ કરી શકાય નહી. વધુમાં, પ્રતિવાદી નં.૧ થી ૪ ખેડુત ખાતેદાર ન હતા. આમ, દાવાવાળા ખેતરો ગીરોના બોજામાંથી મુકત થયા પહેલા વાદીની અજ્ઞાનતાના કારણે દાવાવાળા ખેતર લગત વાદીએ પ્રતિવાદી નં.૧ થી ૪ ને વેચાણ દસ્તાવેજ અનુ. નં.૯૮૨ થી વેચાણ આપવા નો ખોટો દસ્તાવેજ કરેલો તેમજ પ્રતિવાદી નં.૧ થી ૪ નાએ પ્રતિવાદી નં.૫ ની તરફેણમાં અનુ. નં.૯૮૩ થી ખોટો વેચાણ દસ્તાવેજ કરેલો જે રદ કરવો જરૂરી હતો પણ સદરહું વેચાણ દસ્તાવેજોથી મુળ ગીરોના હકક નષ્ટ થયેલ ન હતા આથી વાદી એ જે તે વખતે કોઈ કાર્યવાહી કરેલી નહી પણ મામલતદારશ્રી, સાંતલપુરનાએ તદ્દન ગેરકાયદેસર રીતે વાદીને સાંભળવાની તક આપ્યા વિના ગણોત/૮૪ સી/કેસ નં. ૧/૧૯ ચલાવી તા.૨૭/૨/૨૦૨૦ ના રોજ હુકમ કરી દાવાવાળા ખેતરો લગત પ્રતિવાદી નં.૧ ના પતિ તથા નં.૨ થી ૪ ના પિતા મોજે ગામ ધોકાવાડા, તા. સાંતલપુરના ખેતર રેવન્યુ સર્વે નં.૩૪૪ માં મુળના ખેડુત ખાતેદાર છે તેવુ ઠરાવતા તે હુકમની રેવન્યુ દફતરે નોંધ નં.૧૬૧૬, તા.૨૯/૨/૨૦૨૦ ના રોજ પાડેલી તેમજ

તેના આધારે મુળ વેચાણ દસ્તાવેજ અનુ. નં.૯૮૨ ની વેચાણની નોંધ નં.૧૬૭૯, તા.૧૧/૮/૨૦૨૦ ના રોજ પાડતા જેની વાદીને જાણ થતા વાદીએ આ નોંધ સામે વાંધા અરજી આપતા મે.મામલતદારશ્રી, સાંતલપુરની કોર્ટમાં તકરારી કેસ નં.૯/ ૨૦૨૦ ચાલુ છે પણ આ કામે પ્રતિવાદીઓએ બોગસ વેચાણ દસ્તાવેજો કરેલા હોય તેમજ દાવાવાળા ખેતરમાં ગીરો હકક હોય સદરહું ખેતરો ગીરોના બોજામાંથી મુકત કરવા તેમજ મુળ વેચાણ દસ્તાવેજ અનુ. નં.૯૮૨ ની વેચાણ કિંમત પરત લઈ ખેતર ગીરો મુકત કરી આપવા વાદીઓ આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ ને તા.૨૨/૯/ ૨૦૨૦ ના રોજ મળેલા પણ પ્રતિવાદી નં.૧ થી ૪ નાએ વાદીને કોઈ સીધો જવાબ ન આપતા ના છુટકે વાદીને સદર દાવો દાખલ કરવાની જરૂર પડેલ છે.

(૨.૨). સદરહું દાવાવાળા ખેતરો પ્રતિવાદી નં.૧ થી ૪ ના નામે રેવન્યુ રેકર્ડમાં ચાલે છે, જેમાં વાદીના નામો બીજા હકકથી દાખલ થયેલા છે, આથી આ રેવન્યુ રેકર્ડનો ગેરલાભ ઉઠાવી, આ ખેતરો પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓ બીજા કોઈને વેચાણ, બક્ષિસ કે ગીરો આપી દે તો વાદીના સદરહું દાવાનો કોઈ અર્થ રહે નહી. જેથી સદરહું દાવો ચાલે ત્યાં સુધી હંગામી મનાઈ હુકમ મેળવવા સદર અરજી રજુ કરી, વાદીએ મોજે ગામ એવાલ, તા.સાંતલપુરની સીમમાં (૧) રેવન્યુ સર્વે નં.૧૩૭ (જુના રેવન્યુ સર્વે નં. ૧૦૨), હે.આરે.ચો.મી. ૨–૬૫–૪૬ તથા (૨) રેવન્યુ સર્વે નં.૧૩૯ (જુના રેવન્યુ સર્વે નં.૧૦૪), હે.આરે.ચો.મી. ૧–૭૨–૨૬ વાળા ખેતરોના માલિક હોય આ દાવો ચાલે ત્યાં સુધી દાવાવાળા ખેતરોમાં પ્રતિવાદી નં.૧ થી ૪ ગીરો લેનાર હોય તેઓ આ ખેતર રેવન્યુ રેકર્ડનો આધાર લઈ બીજા કોઈને વેચાણ, બક્ષિસ કે ગીરો આપે અપાવે નહી તેમજ દાવાવાળા ખેતરોની રેવન્યુ રેકર્ડની યથાવત પરીસ્થિતિ તેમજ કબજાની યથાવત પરીસ્થિતિ જાળવી રાખે તથા આ અરજીનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ વાદીને ચુકવી આપે તેમજ આ અરજી લગત બીજી જરૂરી અને યોગ્ય દાદ અપાવવા માંગણી કરેલ છે.

(૩). આ કામે પ્રતિવાદીઓને, વાદીની દાવા અરજીનો સમન્સ તથા હાલની અરજીની નોટીસ કરતા, પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓ તેમના વિ.વકીલશ્રી મારફત હાજર થયેલ

છે પરંતુ પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓને વાદીની આંક–૧ ની દાવા અરજી તથા આંક–૫ ની મનાઈ હુકમ માટેની અરજીના કામે લેખિત નિવેદન રજુ કરવા માટે ઘણી વાજબી અને પુરતી તકો આપવામાં આવેલ હોવા છતાં તેઓએ તેમનું લેખિત નિવેદન રજુ કરેલ નથી. જેથી અત્રેની કોર્ટે પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓનો વાદીની આંક–૧ ની દાવા અરજી તથા આંક–૫ ની મનાઈ હુકમ માટેની અરજીના કામે લેખિત નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવાનો હુકમ તા.૧૭/૧૨/૨૦૨૧ ના રોજ કરેલ.

(૩.૧). તે જ રીતે, પ્રતિવાદી નં.૫ નાઓને દાવાનો સમન્સ બજી ગયેલ હોવા છતાં આ કામે પ્રતિવાદી નં.૫ નાઓ જાતે અથવા તેમના વિ.વકીલશ્રી મારફત આ અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી કે કોઈ મુદત રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી. જેથી અત્રેની કોર્ટે આ કામે પ્રતિવાદી નં.૫ નાઓ વિરૂધ્ધ સદર દાવાની કાર્યવાહી એકતરફી ચલાવવા તથા તેમનો લેખિત નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવાનો હુકમ તા.૨૫/૦૩/૨૦૨૨ ના રોજ કરેલ.

(૪). વાદીની હાલની અરજી વંચાણે લીધી. આ કામે વાદી તરફે આંક–૪ તથા આંક–૨૫ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે. વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. આ કામે હાલની અરજી બાબતે વાદીના વિ.વકીલશ્રીની તથા પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી. આ કામે સદર દાવાનું સમગ્ર રેકર્ડ ધ્યાને લેવામાં આવેલ છે.

(૫). આ કામે વાદી તરફે આંક–૪ તથા આંક–૨૫ ના દસ્તાવેજી લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી આધારો રજુ થયેલા છે.

નિ.૪/૧ વેચાણ દસ્તાવેજ અનુ. નં.૯૮૨ ની ખરી નકલ.

નિ.૪/૨ વેચાણ દસ્તાવેજ અનુ. નં.૯૮૩ ની ખરી નકલ.

નિ.૪/૩ દાવાવાળા ખેતરના નોંધ નં.૧૬૧૬ ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ.

નિ.૪/૪ દાવાવાળા ખેતરના નોંધ નં.૧૧૫૫ ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ.

નિ.૪/૫ દાવાવાળા ખેતરના નોંધ નં.૧૧૭૦ ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ.

નિ.૪/૬ દાવાવાળા ખેતરના નોંધ નં.૧૧૭૧ ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ.

નિ.૪/૭ દાવાવાળા ખેતરના નોંધ નં.૧૨૯૫ ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ.

નિ.૪/૮ દાવાવાળા ખેતરના નોંધ નં.૧૨૯૬ ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ.

નિ.૪/૯ દાવાવાળા ખેતરના નોંધ નં.૧૪૨૫ ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ.

નિ.૪/૧૦ દાવાવાળા ખેતરના નોંધ નં.૧૪૨૬ ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ.

નિ.૪/૧૧ દાવાવાળા ખેતરના નોંધ નં.૧૪૯૭ ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ.

નિ.૪/૧૨ દાવાવાળા ખેતરના નોંધ નં.૧૫૭૭ ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ.

નિ.૪/૧૩ દાવાવાળા ખેતરના નોંધ નં.૧૫૭૮ ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ.

નિ.૪/૧૪ દાવાવાળા ખેતરના નોંધ નં.૭૬૯ ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ.

નિ.૪/૧૫ દાવાવાળા ખેતરના નોંધ નં.૧૧૩૫ ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ.

નિ.૪/૧૬ દાવાવાળા ખેતરના ખાતા નં.૧૬૭ ગામ નમુનો નં.૮–અ ની નકલ.

નિ.૪/૧૭ દાવાવાળા ખેતરના રેવન્યુ સર્વે નં.૧૩૭ ના ગામ નમુનો નં.૭ ની નકલ.

નિ.૪/૧૮ દાવાવાળા ખેતરના રેવન્યુ સર્વે નં.૧૩૭ ના ગામ નમુનો નં.૧૨ ની નકલ.

નિ.૪/૧૯ દાવાવાળા ખેતરના રેવન્યુ સર્વે નં.૧૩૯ ના ગામ નમુનો નં.૭ ની નકલ.

નિ.૪/૨૦ દાવાવાળા ખેતરના રેવન્યુ સર્વે નં.૧૩૯ ના ગામ નમુનો નં.૧૨ ની નકલ.

નિ.૪/૨૧ દાવાવાળા ખેતરના નોંધ નં.૯૦ ગામ નમુનો નં.૬ હકકપત્રકની નકલ.

નિ.૪/૨૨ કલેકટરશ્રી, પાટણના રીમાન્ડ કેસ નં.૩/૧૯ ના હુકમની નકલ.

નિ.૨૫/૧ નં.આર.ટી.એસ/રીવીઝન/કેસ નં.૧૬૨/૨૦૨૧ ગણોત શાખા, કલેકટર કચેરી, પાટણનો હુકમ અસલ.

નિ.૨૫/૨ નં.આર.ટી.એસ/રીવીઝન/કેસ નં.૧૬૧/૨૦૨૧ ગણોત શાખા, કલેકટર કચેરી, પાટણનો હુકમ અસલ.

(૬). આ કામે પ્રતિવાદી તરફે કોઈ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ નથી.

(૭). આ કામે રજુ થયેલ દસ્તાવેજો તથા બંને પક્ષકારોની દલીલો ઘ્યાને લેતા સદરહું કામચલાઉ મનાઈ હુકમની અરજીના નિર્ણય માટે સામાન્ય રીતે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

મુદદા નં.૧. શું વાદી પોતાનો પ્રાઈમાફેસી કેસ પુરવાર કરે છે ?

મુદદા નં.૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે ?

મુદદા નં.૩. જો માગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે ?

મુદદા નં.૪. શું હુકમ ?

(૮). આ કામે રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી પુરાવો, બંને પક્ષની દલીલો અને હકીકતો આધારે ઉપરોકત મુદ્દાના જવાબો અને તારણો નીચે મુજબ છે.

મુદદા નં.૧. હકારમાં,

મુદદા નં.ર. હકારમાં,

મુદદા નં.૩. હકારમાં,

મુદદા નં.૪. આખરી હુકમ મુજબ.

**<u>-: નિર્ણય માટેના કારણો :-</u>**

(૯). **<u>મુદદા નં.૧ થી ૪.</u>**

આ કામે ઉપરોકત તમામ મુદદાઓ એકબીજા સાથે જોડાયેલ હોઈ, ન્યાયિક સરળતા ખાતર તમામ મુદ્દાઓની એક સાથે ચર્ચા કરવામાં આવેલ છે.

આ તબકકે આ અદાલતે સદર દાવાનો ન્યાયિક નિર્ણય કરવાનો નથી અને પક્ષકારોના હક અને અધિકાર નકિક કરવાના નથી, પરંતુ હાલની અરજીના નિર્ણય ના તબકકે આ અદાલતે ઉપરોકત પેરા નં.૭ માં જણાવેલા તત્વો કયા પક્ષકારની તરફેણમાં છે માત્ર તે જ જોવાનુ હોય છે.

(૯.૧). આ કામે વાદીની દાવા અરજી તથા રજુ થયેલા દસ્તાવજો ઘ્યાને લેતાં, દાવાવાળી મિલ્કતો વાદીના પિતાએ પ્રતિવાદી નં.૧ ના પતિને ગીરો હકકે આપેલ હતી અને સદર મિલકતો વાદીએ કે તેમના પિતાએ ગીરો છોડાવેલ નહી અને ત્યારબાદ, વાદીના પિતા પણ ગુજરી ગયેલ અને વાદીએ ગીરો હકક સાથે દાવાવાળી મિલકતો પ્રતિવાદી નં.૧ થી ૪ નાને વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૯૮ર થી તા.ર૩/૧૧/ર૦૧ર ના રોજ વેચાણ આપેલ, પરંતુ દાવાવાળા ખેતરો ગીરો મુકત થયેલ ન હોઈ અને વેચાણ લેનાર પોતે ખેડુત ખાતેદાર ન હોઈ તે કારણસર રેવન્યુ રેકર્ડમાં દાવાવાળી મિલકતો સબંધે દાખલ થયેલ ફેરફાર નોંધ નં.૧૧૭૦ ની મંજુર થયેલ નહી. ઉપરોકત વેચાણ દસ્તાવેજ થયો તેજ દીવસે પ્રતિવાદી નં.૧ થી ૪ નાએ દાવાવાળી મિલકતો પ્રતિવાદી નં.પ ને વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૯૮૩ થી તા.ર૩/૧૧/ર૦૧ર ના રોજ વેચાણ આપેલ, પરંતુ દાવાવાળા ખેતરો વેચાણ આપનાર પોતે દાવાવાળી મિલકતોના

માલિક ન હોઈ તે કારણસર રેવન્યુ રેકર્ડમાં દાવાવાળી મિલકતો સબંધે દાખલ થયેલ ફેરફાર નોંધ નં.૧૧૭૧ ની મંજુર થયેલ નહી. ત્યારબાદ, આ જમીનો સબંધે ફરીથી રેવન્યુ રેકર્ડમાં વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૯૮૨ સબંધે ફેરફાર નોંધ નં.૧૨૯૫ તથા દસ્તાવેજ અનુક્રમ નં.૯૮૩ સબંધે ફેરફાર નોંધ નં.૧૨૯૬ ની દાખલ કરાવતા તે ફરીથી રદ થયેલ. જે બંને ફેરફાર નોંધો રદ કરવાના હુકમ સામે મહેરબાન નાયબ કલેકટર સાહેબ, રાધનપુરની કોર્ટમાં આર.ટી.એસ.અપીલ નં.૬૮/૨૦૧૬ તથા ૬૯/૨૦૧૬ ની દાખલ કરેલ અને તે રદ કરવામાં આવેલ અને ત્યારબાદ, કલેકટર સાહેબ પાટણની કોર્ટમા અને અમદાવાદ સચીવમા અપીલ થતા રેવન્યુ અધિકારીના ગણોતધારાની કલમ–૬૩/૮૪ ભંગની કાર્યવાહી માન્ય રાખવામાં આવેલ અને તે બાબત ફેરફાર નોંધ નં.૧૪૯૭ મંજુર થયેલ અને રીમાન્ડ થયેલ કેસ નં.૨/૧૯ તથા ૩/૧૯ કલેકટર સાહેબની કોર્ટ, પાટણ ધ્વારા ચલાવી મુળ વેચાણની નોંધ નં. ૧૨૯૫ તથા ૧૨૯૬ નામંજુર કરવાના હુકમને કાયમ રાખવામાં આવેલ અને મુળ ફેરફાર નોંધ નં.૯૦ થી દાવાવાળા ખેતરો ગીરો હતા અને દાવાવાળા ખેતરો ગીરો મુકિત પહેલા સીધુ વેચાણ કરી શકાય નહિ અને વેચાણ લેનાર પોતે ખેડુત ખાતેદાર ન હોઈ તથા પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓને દાવાવાળા ખેતરો વેચાણ આપવાનો કોઈ હકક, અધિકાર ન હતો તેવુ ઠરાવેલ. આમ, આ કામે રેવન્યુ રેકર્ડમાં હાલમાં દાવાવાળી મીલકતો, માલીક તરીકે વાદીઓના નામે અને ગીરો રાખનાર તરીકે આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ ના વડવાનુ નામ ચાલી આવેલ હોઈ તથા આ કામે રેવન્યુ રેકર્ડ મુજબ થયેલ હુકમ અને રેવન્યુ કેસમા થયેલ હુકમો આધારે, આ કામના વાદીઓએ પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓને દાવાવાળી મીલકતોના વેચાણ દસ્તાવેજ અનુ.નં.૯૮૨ આધારે કોઈ માલીકી હકક પ્રાપ્ત થયેલ ન હોઈ અને તેજ રીતે પ્રતિવાદી નં.૧ થી ૪ નાએ, પ્રતિવાદી નં.૫ નાઓને કરી આપેલ વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૯૮૩ આધારે કોઈ માલીકી હકક પ્રાપ્ત થયેલ ન હોઈ, વળી આ કામના પ્રતિવાદીઓ એ વાદીની દાવા અરજી તથા હાલની મનાઈ હુકમ મેળવવાની અરજી સબંધે કોઈ લેખિત નિવેદન રજુ કરેલ ન હોઈ, સદરહું દાવાવાળા ખેતરો પ્રતિવાદી નં.૧ થી ૪ ના નામે રેવન્યુ રેકર્ડમાં ચાલે છે, જેમાં વાદીના નામો બીજા હકકથી દાખલ થયેલા

છે આથી આ રેવન્યુ રેકર્ડનો ગેરલાભ ઉઠાવી આ ખેતરો પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓ બીજા કોઈને વેચાણ, બક્ષિસ કે ગીરો આપી દે તો, વાદીને અન્ય લીટીગેશનમા ઉતરવુ પડે. વધુમાં, આ કામે પક્ષકારો વચ્ચે જે વેચાણ વ્યવહારો થયેલ છે તે કાયદેસર છે કે કેમ તે હકીકત સબંધે આ કામના વાદી અને પ્રતિવાદી તરફથી જયાં સુધી પુરાવો લેવામાં ન આવે ત્યાં સુધી તે હકીકત નકિક કરી શકાય તેમ નથી.

(૯.૨). આમ, ઉપરકોત સમગ્ર હકીકતો ધ્યાને લેતાં, આ કામના વાદીનો પ્રથમ દર્શનીય કેસ જણાંઈ આવે છે અને હાલની અરજી મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાની શકયતા રહેલ છે અને સગવડતા અગવડતા સમતુલા પણ વાદી તરફે જણાઈ આવે છે. આમ, આ હકીકતો ધ્યાને લેતાં, ઉપરોકત દાવાવાળા ખેતરોમાં, પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓ રેવન્યુ રેકર્ડનો આધાર લઈ બીજા કોઈને વેચાણ, બક્ષિસ કે ગીરો આપે અપાવે નહી તેમજ દાવાવાળા ખેતરોની રેવન્યુ રેકર્ડની યથાવત પરીસ્થિતિ તેમજ કબજાની યથાવત પરીસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયી જણાતુ હોય જેથી ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

## // **<u>હુકમ</u>** //

- વાદીની હાલની આંક–૫ ની વચગાળાની મનાઈ હુકમ મેળવવાની અરજી આથી મંજુર કરવામાં આવે છે.
- વધુમાં, આ કામે દાવાવાળી જમીનો મોજે ગામ એવાલ, તા.સાંતલપુરની સીમમાં (૧). રેવન્યુ સર્વે નં.૧૩૭ (જુના રેવન્યુ સર્વે નં.૧૦૨), હે.આરે.ચો.મી. ૨–૬૫–૪૬ તથા (૨). રેવન્યુ સર્વે નં.૧૩૯ (જુના રેવન્યુ સર્વે નં.૧૦૪), હે.આરે.ચો.મી. ૧–૭૨–૨૬ વાળા દાવાવાળા ખેતરોમાં પ્રતિવાદી નં.૧ થી ૪ ગીરો લેનાર હોય, તેઓને હુકમ કરવામાં આવે છે કે તેઓએ સદરહું ઉપર જણાવેલ દાવાવાળા ખેતરો, રેવન્યુ રેકર્ડનો આધાર લઈ, બીજા કોઈને વેચાણ, બક્ષિસ કે, ગીરો આપે અપાવે નહી, તેમજ દાવાવાળા ખેતરોની રેવન્યુ રેકર્ડની યથાવત પરીસ્થિતિ તેમજ કબજા

ની યથાવત પરીસ્થિતિ સદર દાવાના આખરી નિકાલ થતા સુધી જાળવી રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

- સદર અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૪/૦૩/૨૦૨૩.
વારાહી.

(જે.જે.મોદી)
(જજ કોડ નં.જી.જે.૦૧૩૯૧)
પ્રિન્સીપાલ સીવીલ જજ, સાંતલપુર,
મુ.વારાહી.